માહિતી અને પ્રસારણ મંત્રાલયે 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું

દેશભરમાં ૪,૭૧૦ પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી, ૭૪,૦૦૦ થી વધુ લોકોની સહભાગિતા સાથે લક્ષ્યાંકના ૧૬૦% સફળતા પ્રાપ્ત કરી



પી.આઇ.બી. અમદાવાદ

માહિતી અને પ્રસારણ મંત્રાલયે ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન યોજાયેલ 'સ્વચ્છતા હી સેવા' (SHS) ૨૦૨૬ અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે, જેનું સમાપન સ્વચ્છ ભારત દિવસ પર થયું હતું. "સ્વચ્છતામાં સૌની ભાગીદારી; સ્વચ્છ ભારત, વિકસિત ભારત" વિષય (થીમ) હેઠળ હાથ ધરવામાં આવેલા આ અભિયાને સ્વચ્છ અને વિકસિત ભારતના વિઝન અને સંકલ્પને આગળ ધપાવવામાં દરેક વ્યક્તિની સામૂહિક ભૂમિકા અને જવાબદારી પર ભાર મૂક્યો હતો. તેનો ઉદ્દેશ્ય સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ વિશે જાગૃતિ લાવવા, સ્વચ્છતામાં યુવાનોની ભાગીદારી મજબૂત કરવા અને સામૂહિક માલિકી તેમજ જન ભાગીદારી કેળવવાનો પણ હતો.

મંત્રાલયે, તેના તમામ મીડિયા એકમો અને તેમના ક્ષેત્રીય કાર્યાલયો સાથે મળીને, ૨,૯૪૩ ના લક્ષ્યાંકની સામે અભિયાનના વિવિધ સ્તંભો હેઠળ દેશભરમાં ૪,૭૧૦ કાર્યક્રમો યોજ્યા હતા, જેથી આખરી મંજૂર થયેલા લક્ષ્યાંકના ૧૬૦ ટકા સફળતા પ્રાપ્ત થઈ છે. આ પ્રવૃત્તિઓમાં કુલ ૭૪,૪૮૩ લોકોએ ભાગ લીધો હતો.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ, રેલવે અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે સ્વચ્છતા હી સેવા અભિયાનના ભાગરૂપે ૧ ઓક્ટોબરે ત્રણેય મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. અધિકારીઓને સંબોધતા શ્રી વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વચ્છતા એ માત્ર એક અભિયાનથી આગળ વધીને એક કાયમી આદત બનવી જોઈએ, જે દૈનિક જીવન અને કામમાં કુદરતી રીતે વણાઈ જાય. તેમણે અનુરોધ કર્યો હતો કે સ્વચ્છતાનો સંદેશ દરેક ઓફિસ અને જમીન પરના દરેક એકમ સુધી, નાનામાં નાના ક્ષેત્રીય સ્થાપન સુધી પહોંચવો જોઈએ.

માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન (IIMC), દિલ્હી ખાતે "એક દિન, એક કલાક, એક સાથે" અને અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો અને સૌને સ્વચ્છતાને જન આંદોલન બનાવવા આહ્વાન કર્યું હતું.

અભિયાન દરમિયાન, માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવે મીડિયા વડાઓ અને મીડિયા એકમોના નોડલ અધિકારીઓ સાથે પ્રગતિની સમીક્ષા કરી હતી અને તેમને સહભાગિતાને ઉત્તમ બનાવવા અને અભિયાન માટે નક્કી કરેલા લક્ષ્યાંકોની સિદ્ધિ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો હતો.

આ પ્રવૃત્તિઓમાં સ્વચ્છતા અને જાહેર ભાગીદારીના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા. સ્વચ્છતા ટાર્ગેટ યુનિટ્સ (CTUs) અને સ્વચ્છ જાહેર સ્થળોના પરિવર્તન હેઠળ, મુશ્કેલ અને ગંદા સ્થળો તેમજ વધુ અવરજવર ધરાવતા જાહેર સ્થળોની ઓળખ કરવામાં આવી હતી, મેપિંગ કરવામાં આવ્યું હતું અને સમયબદ્ધ રીતે સફાઈ કરવામાં આવી હતી. કુલ ૨,૮૬૪ CTUs માં પરિવર્તન લાવવામાં આવ્યું હતું અને જાહેર સ્થળોની સફાઈ કરવામાં આવી હતી.

સ્વચ્છ પાઠશાળા: સ્વચ્છતા માટે યુવા હેઠળ, વિદ્યાર્થીઓ અને યુવાનોને 'સ્વચ્છતા જ્ઞાન યાત્રા', સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સુવિધાઓની એક્સપોઝર મુલાકાતો અને 'સ્વચ્છતા એવમ જલ સંચય સંવાદ' જેવી પ્રવૃત્તિઓ દ્વારા સ્વચ્છતા, વર્ષાજળ સંચય અને જળ વ્યવસ્થાપન પર ચર્ચાઓ અને સંવાદો સહિત સ્વચ્છતા પ્રત્યે જોડવામાં આવ્યા હતા અને સંવેદનશીલ બનાવવામાં આવ્યા હતા. આ સ્તંભ હેઠળ કુલ ૨૧૯ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સફાઈ મિત્ર સુરક્ષા એવમ સન્માન શિબિર હેઠળ, સફાઈ મિત્રો/સ્વચ્છાગ્રહીઓ/સેનિટેશન વર્કર્સ માટે સિંગલ-વિન્ડો કેમ્પ યોજવામાં આવ્યા હતા, જેમાં વિવિધ કેન્દ્ર અને રાજ્યની કલ્યાણકારી યોજનાઓ હેઠળ પાત્ર લાભાર્થીઓ સાથે જોડાણ, નિવારક આરોગ્ય તપાસ અને PPE કિટ્સ/સુરક્ષા સાધનોનું વિતરણ સામેલ હતું. સ્વચ્છતામાં તેમના યોગદાનની કદર કરવા માટે સ્થાનિક સ્તરે સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ સ્તંભ હેઠળ ૧૩૯ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સ્વચ્છતા માટે જન ભાગીદારી સ્તંભે ડોર-ટુ-ડોર જાગૃતિ ઝુંબેશ અને નાગરિક જોડાણની પહેલો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, જેમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૨૬ અંગેની જાગૃતિ, ફોર-વે સોર્સ સેગ્રિગેશન અને કમ્પોસ્ટિંગને પ્રોત્સાહન, અને 'એક પેડ મા કે નામ' હેઠળ સ્પોર્ટ્સ ફોર સ્વચ્છતા, સ્વચ્છ પર્વ, હરિત પર્વ, વૃક્ષારોપણ ઝુંબેશ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ સ્તંભ હેઠળ કુલ ૧,૪૧૮ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સ્વચ્છતા સે સમૃદ્ધિ હેઠળ, પ્રવૃત્તિઓએ "કબાડ સે જુગાડ - વેસ્ટ ટુ વેલ્થ" અને "કબાડ સે કલા - વેસ્ટ ટુ આર્ટ" જેવી પહેલો તેમજ જૂના પુસ્તકો, રમકડાં અને કપડાં દાન કરવાની ઝુંબેશ વગેરે દ્વારા સરક્યુલર ઈકોનોમીને પ્રોત્સાહન આપવા અને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ સ્તંભ હેઠળ ૭૦ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

મંત્રાલયે ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ વિશ્વ પ્રવાસન દિવસે અને ૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ "એક દિન, એક કલાક, એક સાથે" પર ૧ કલાકની સ્વેચ્છિક સ્વચ્છતા સેવા આપવા માટે વિશેષ પ્રવૃત્તિઓનું આયોજન કર્યું હતું, ઉપરાંત ૨ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ સ્વચ્છ ભારત દિવસ પર વિશેષ સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરી હતી, જેમાં અધિકારીઓ અને સ્ટાફે બહાર નીકળીને સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લીધો હતો.

મંત્રાલયે, તેના મીડિયા એકમો અને ક્ષેત્રીય કાર્યાલયો દ્વારા, દેશભરના અધિકારીઓ, સ્ટાફ, યુવાનો, સફાઈ મિત્રો અને નાગરિકોની સક્રિય ભાગીદારી સાથે સ્વચ્છતાને સામૂહિક જવાબદારી અને સતત જન આંદોલન તરીકે પ્રોત્સાહિત કરવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬' હેઠળ MSME માટે નવી સહાય યોજના અમલમાં

ગુજરાતના MSME ક્ષેત્રને વિકાસનો નવો વેગ : મૂડી, વ્યાજ, વીજળીથી લઈને ટેક્નોલોજી અને AI સુધી વ્યાપક સહાય



ગાંધીનગર એચ.ઓ

ગુજરાતના ઔદ્યોગિક વિકાસના પાયાને વધુ મજબૂત બનાવવા અને નાના-મધ્યમ ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધા માટે સજ્જ કરવાની દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. તેના અંતર્ગત રાજ્ય સરકારે 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ : MSMEs માટે સહાય યોજના' જાહેર કરી છે. તાજેતરમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કરાયેલા ઠરાવથી જાહેર થયેલી આ યોજના ૧ જૂન, ૨૦૨૬થી અમલમાં આવી છે અને ૩૧ મે, ૨૦૩૧ સુધી પાંચ વર્ષ માટે અમલમાં રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને ખાણ અને ઉદ્યોગ વિભાગનો હવાલો ધરાવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારની આ પહેલનો હેતુ MSME ક્ષેત્રને માત્ર નાણાકીય સહાય પૂરતી મર્યાદિત રાખવાને બદલે મૂડી રોકાણ, વ્યાજ, વીજળી, રોજગાર, ગુણવત્તા પ્રમાણપત્ર, ટેક્નોલોજી, પેટન્ટ, ઊર્જા-પાણી બચત, ડિજિટલ ટેક્નોલોજી, AI, તાલીમ અને બજારમાં મૂડી ઊભી કરવાની ક્ષમતા જેવા અનેક પાસાંઓમાં સહાય પૂરી પાડવાનો છે.

યોજના હેઠળ MSME એક અથવા એકથી વધુ સહાય ઘટકોનો લાભ લઈ શકશે.

તાલુકાની કેટેગરી પ્રમાણે સંયુક્ત પ્રોત્સાહનની મહત્તમ મર્યાદા કેટેગરી-છમાં EFCIના ૪૫ ટકા અને કેટેગરી-૫માં ૩૫ ટકા સુધી રહેશે. કેટેગરી-છમાં માઇક્રો ઉદ્યોગને એક વર્ષમાં વિતરિત EFCIના ૩૫ ટકા અને સ્મોલ તથા મીડિયમ ઉદ્યોગને પાંચ વર્ષમાં વિતરિત EFCIના ૩૫ ટકા સુધી મૂડી સહાય મળી શકે છે.

અમદાવાદના કણભા નજીક ભાડું માગતાં રિક્ષાચાલકને ૩ શખ્સોએ લાફા ઝીંક્યા, એક આરોપી ઝડપાયો

અમદાવાદ,

અમદાવાદના કણભા નજીક કુજાડ ગામે ૬ ઓક્ટોબરના રોજ ૩૦ રૂપિયાના રિક્ષા ભાડાની તકરારમાં ત્રણ અજાણ્યા શખ્સોએ રિક્ષાચાલક રાજુ ચુનારાને ગાળો ભાંડી ૪-૫ લાફા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનાનો વીડિયો વાઇરલ થતાં ઓઢવ પોલીસે એક આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના કણભા નજીક કુજાડ ગામ પાસે માત્ર ૩૦ રૂપિયાના રિક્ષા ભાડાની તકરારમાં ત્રણ અજાણ્યા શખ્સોએ રિક્ષાચાલકને બેફામ ગાળો આપી ૪થી ૫ લાફા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ઘટના સામે આવી છે. છઠ્ઠી ઓક્ટોબરની રાત્રે બનેલી આ ઘટના અંગે ભોગ બનનાર ચાલકે કણભા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. બીજી તરફ, આ સમગ્ર હુમલાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થતાં ઓઢવ પોલીસે લાફા મારનાર એક આરોપીની ધરપકડ કરી વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

કૂબડથલ ગામના ભાથીપુરા ખાતે રહેતા રાજુ ચુનારા રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. છઠ્ઠી ઓક્ટોબરના રોજ રાત્રિના સમયે તેઓ પોતાની રિક્ષા લઈને સિંગરવાથી કૂબડથલ જઈ રહ્યા હતા. આ દરમિયાન કણભા ગુરુકુળ પાસે ત્રણ અજાણ્યા શખ્સોએ હાથ ધરાવી રિક્ષા રોકાવી હતી અને કુજાડ ગામ જવાનું કહી રિક્ષામાં બેઠા હતા.

રિક્ષાચાલક ત્રણેય શખ્સોને બેસાડી કુજાડ ગામ ગણેશકાંટા પાસે પહોંચ્યા, ત્યારે ત્રણેયે રિક્ષા ઊભી રખાવી હતી.

મુસાફરો નીચે ઉતરતાં રાજુએ નિયમ મુજબ ભાડાના ૩૦ રૂપિયા માગ્યા હતા. જેથી ત્રણેય શખ્સોએ ઉદ્ધતાઈપૂર્વક 'અમારી પાસે પૈસા નથી' તેમ કહી ભાડું આપવાનો ઇનકાર કર્યો હતો.

SMFG Grihashakti
Nayi Asha. Naya Vishwas.

એસએમએફજી ઇન્ડિયા હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ

કોર્પોરેટ ઓફિસ : ૫૦૩ અને ૫૦૪, પમ્પો માળ , જી-બ્લોક ઈ-સ્પીયર, બીકેસી, બીકેસી, મેઈન રોડ, બાંદ્રા , કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (ઈ), મુંબઈ- ૪૦૦૦૫૧
રજી. ઓફિસઃ કોમરઝોન આઈટી પાર્ક, ટાવર-બી, પહેલો માળ, નં. ૧૧૧, માઉન્ટ પુનમાઅલ્લી રોડ, પોરૂર, ચેન્નાઈ- ૬૦૦૧૧૬, ટીએન

સ્થાવર મિલકત માટે કબ્જા નોટીસ (પરિશિષ્ટ -૪)ના રૂલ ૮(૧)

જે હોય તે એસએમએફજી ઇન્ડિયા હોમ ફાયનાન્સ કંપની લિ.) (જે પહેલા હુલદરોન ઈન્ડીયા હોમ ફાઈનાન્સ કો. લિ. તરીકે ઓળખાતી) એ હાઉસીંગ ફાઈનાન્સ કંપની (તે બન્ને નેશનલ હાઉસીંગ બોર્ડ સાથે નોંધાયેલી(સંપુર્ણ આરબીઆઈની માલિકી) (હવે તે એસએમએચએફસી તરીકે ઓળખાશે)તેની રજીસ્ટર ઓફીસના નીચે સહી કરનાર સત્તાવાર અધિકારી એ સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪)સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)રૂલ્સ,૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) ના સાથે નિયમ ૩ વાંચતા હેઠળ મળેલ સતા મુજબ તેમના જણાયેલા સરનામા ઉપર માંગણા નોટીસ કલમ ૧૩(૨) હેઠળ નિચે જણાવેલ તારીખે આપવામાં હતી. આ કાયદા મુજબ તમે કરજદાર છે (નામ અને સરનામું નીચે મુજબ છે.) નોટીસમાં જણાવેલી રકમ તથા તેનું વ્યાજ ચૂકવવી જવા માંગણા નોટીસ આપવામાં આવી છે આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર રકમ ચુકવી જવાનું કહેવાયુ હતુ. નીચે જણાવેલ કરજદારો આ નોટીસમાં જણાવ્યા પ્રમાણેની બાકી લેણાં રકમ ચુકવવામાં નીચે નિષ્ફળ ગયા છે તેથી કરજદારો તથા સામાન્ય જનતાને નોટીસ આપવામાં આવે છે કે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)એક્ટ, ૨૦૦૨ પેટા કલમ (૪) કલમ ૧૩ તેની સાથે નિયમ ૮ વાંચતા મળેલી સતાની રુએ નિચે સહી કરનારે નિચે વર્ણવેલી મિલકતનો ભૌતિક કબ્જો લીધો છે. કરજદારો અને ખાસ કરીને જાહેર જનતાનો ચેતવણી આપવામાં આવે છે કેઅહી જણાવેલી મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યાવહાર કરવો નહી તે એસએમએચએફસીના ચાર્જમાં તેની બાકી નિકળતી રકમ અને તે ઉપરાંતનું વ્યાજની રકમ માટે ચાર્જમાં છે.

ક્ર. સં.	કરજદાર/જામીનદારોનું નામ અને લેન	આરક્ષિત (સ્થાવર મિલકત) ની વિગત	માંગણા નોટીસ તારીખ-રકમ	કબ્જાની તારીખ
૧.	લેન નં.૬૦૦૨૦૭૨૧૦૧ ૩૯૭૬૫ ૧. અવધેશસિંગ આર. રાજપુત (દેવાદાર) (મૃત દેવાદારના કાયદેસરના વારસદાર થકી) ચંદા રાજપુત (સહ-દેવાદાર અને કાયદેસરના વારસદાર) ૨.શ્રી માં કલેક્શન પ્રોપરાઈટરશીપ ફર્મ ૩. એ ટુ ઝેડ બોર્ડર જોબ પ્રોપરાઈટરશીપ ફર્મ	મિલકત બેરિંગ ફ્લેટ નં.૧૦૬, પહેલા માળ ઉપર, માપણી ૫૫૩ સ્કે.ફીટ. સુપર બિલ્ટઅપ એરિયા અને ૩૦૪ સ્કે.ફીટ એટલેકે ૨૮.૨૪ સ્કે.મી. બિલ્ટઅપ એરિયા, હરિહંત પાર્ક સોસાયટી ભાગ-૨ના શ્રીનાથજી કોમ્પ્લેક્ષની જમીનમાં અવિભાજીત ભાગ સહિત, રેવેન્યુ સર્વે નં.૧૩૩ ખાતે સ્થિત, બ્લોક નં.૧૩૩/એ હિસ્સા નં.૩ માપણી ૩૦૦૦૧.૪૭ સ્કે.મી. પૈકી ૧૨૦૮૧.૪૭ સ્કે.મી., પૈકી પ્લોટ નં.એ/૩૫ અને એ/૩૬, મોજે-ગામ કડોદરા, તાલુકા-પલસાના, જીલ્લા-સુરત. સિમાબદ્ધ નીચે મુજબ : પૂર્વ : રોડ, પશ્ચિમ : ફ્લેટ નં.૧૦૧, ઉત્તર : ફ્લેટ નં.૧૦૫, દક્ષિણ : ફ્લેટ નં.૧૦૭	૧૬.૦૭.૨૦૨૬ ૦૩.૦૭.૨૦૨૬ નારોજ રૂા. ૭,૨૮,૦૧૧.૩૯/- (રૂપિયા સાત લાખ અઠયાવીસ હજાર અગિયાર અને ઓગણચાલીસ પૈસા પુરા)	૨૧.૧૦.૨૦૨૬

સ્થળ : સુરત, ગુજરાત
તારીખ : ૨૧.૧૦.૨૦૨૬

સહી
અધિકૃત અધિકારી,
એસએમએફજી ઈન્ડિયા હોમ ફાયનાન્સ કંપની લિમિટેડ

SHRIRAM Asset Reconstruction

શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ (એસએઆરપીએલ)

(વિવિધ **SARPL** ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત)

નોંધાયેલ કાર્યાલયઃ શ્રીરામ હાઉસ, નં. ૪, બુર્કિટ રોડ, ટી. નગર, ચેન્નાઈ - ૬૦૦૦૧૭. કોર્પોરેટ કાર્યાલયઃ યુનિટ નં. એફએફ-એ-૦૫, એ વિંગ, પહેલો માળ, આર્ટ ગિલ્ડ હાઉસ, ફોનિક્સ માર્કેટ સિટી, એલબીએસ માર્ગ, કુર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૦, ફોન નંબર-૧૮૦૦ ૧૨૦ ૨૩૮૯; customercare@shriramarc.com.

જાહેર સૂચના: સ્થાવર મિલકતની ઈ-હરાજી-સહ-વેચાણ સૂચના

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર સંપત્તિના વેચાણ માટે સ્થાવર મિલકતોની ઈ-હરાજી, પરિશિષ્ટ-**IV-A** મુજબ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૬,૮ (૬) અને ૯ ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે.

સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઋણ લેનાર/લેનારાઓ અને ગેરંટરને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો જે સુરક્ષિત લેણદાર, હવે શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, ને ગીરવે મૂકવામાં આવી છે/ચાર્જ કરવામાં આવી છે, જે જે વિવિધ **SARPL** ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્ય કરે છે [રજિસ્ટર્ડ સોંપણી કરારો દ્વારા નાણાકીય સંપત્તિ સોંપણી અનુસાર] (ત્યારબાદ **"SARPL"** તરીકે ઓળખાય છે) સરફેસી એક્ટની કલમ (૫) હેઠળ, નીચે ઉલ્લેખિત ઋણ લેનારાઓ સહિત વિવિધ ઋણ લેનારાઓને લગતી નાણાકીય સંપત્તિઓ હસ્તગત કરી છે, જેમાં નીચે ઉલ્લેખિત ઋણ લેનારાઓ સહિત વિવિધ ઋણ લેનારાઓ સાથે સંકળાયેલી નાણાકીય સંપત્તિઓ તેમજ તેના પર બનાવેલા અંતર્ગત સુરક્ષા હિત, /મૂળ ઋણ લેનાર/એસાઈનર દૂહોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતું હતું), જેનો ભૌતિક કબજો મૂળ ઋણ લેનાર/એસાઈનર/શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ (**SARC**) ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, એટલે કે. **SARC-TRUST-5** ના ટ્રસ્ટી તરીકે સુરક્ષિત લેણદાર, લોન મંજૂરીના સોંપણીકાર અને અસાઈનર દૂહોમ ફાઈનાન્સ લિમિટેડ ચઅગાઉ શ્રીરામ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતું દ્વારા વિતરિત, વેચવામાં આવશે 'જેમ છે ત્યાં છે', 'જેમ છે તેમ છે' અને 'જેમ છે તેમ છે' નીચે દર્શાવેલ હરાજી સમયપત્રક મુજબ બાકી રકમની વસૂલાત માટે **SARPL** એટલે કે સુરક્ષિત લેણદાર પાસેથી વધુ વ્યાજ, ચાર્જ, ખર્ચ વગેરે, નિયમો ૬,૮, અને ૯ સુરક્ષા વ્યાજ (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ મુજબ કોષ્ટકમાં ઉલ્લેખિત છે.
ઋણ લેનારાઓ અને ગેરંટરોની વિગતો, બાકી રકમ, સ્થાવર મિલકતનું દૂંદું વર્ણન અને તેના પર જાણીતા બોજો, જો કોઈ હોય, અનામત કિંમત, અર્નેસ્ટ મની ડિપોઝિટ ઈન્ક્રીમેન્ટ બિડ, હરાજીની તારીખ અને નિરીક્ષણની તારીખ પણ નીચે મુજબ આપવામાં આવી છે:

લોન એકાઉન્ટ નંબર, ટ્રસ્ટનું નામ અને સોંપનાર/મૂળ ધિરાણકર્તાનું નામ	ઋણ લેનારાઓ/ સહ-ઋણ લેનારાઓ/જામીનદારો/ ગીરો આપનારાઓના નામ	૧૩(૨) ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	અનામત કિંમત (રૂ.) અને બિડ વધારો	હરાજીની તારીખ અને સમય	સંપર્ક વ્યક્તિની વિગતો- (એઓ અને ડિસ્પોસલ ટીમ)
દૂહોમ ફાઇનાન્સ લિમિટેડ પાસે ટ્રસ્ટ એકાઉન્ટ નં. **SARC** - ટ્રસ્ટ-૫ હેઠળ **SHLHBRUH0000489**	૧. લાલુ રામચંદ્ર રાજાણે અને ૨. સુનેના લાલુ રાજાણે	તારીખ ૦૬/૧૧/૨૦૨૪ ના રોજની સ્થિતિ મુજબ, રૂ. ૩૩,૬૮,૬૫૨/- (અંકે રૂપિયા તેત્રીસ લાખ અડસઠ હજાર છસો બાવન પૂરા) ની રકમ નોટિસ તારીખ ૦૬/૧૧/૨૦૨૪	રૂ. ૧૬,૨૧,૭૦૦/- (અંકે રૂપિયા સોળ લાખ એકવીસ હજાર સાતસો પૂરા) બોલીમાં વધારોઃ રૂ. ૧૦,૦૦૦ અને તેના ગુણાંકમાં અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) (રૂ.) (આરપીના ૧૦%) ઈએમડી જમા કરાવવાની છેલ્લી તારીખઃ ૧૬ નવેમ્બર, ૨૦૨૬; સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૫.૦૦ સુધી	૧૭ નવેમ્બર, ૨૦૨૬ હરાજીનો સમય : બપોરે ૧૨.૩૦ થી ૦૧.૩૦ સુધી	દેબજ્યોતિ રોય ૯૮૭૯૭ ૦૨૦૨૧ સંદીપઃ ૯૯૯૯૯ ૪૪૯૫૫ સુમેશ મિત્તલ ૯૯૯૩૫ ૮૭૭૯૭ મિલકત નિરીક્ષણ તારીખ : ૩૦/૧૦/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૦૩.૦૦ સુધી
કબજાની તારીખ અને પ્રકાર	બોજો જાણીતો				
૧૫ જૂન, ૨૦૨૫ અને ભૌતિક કબજો	જાણીતો નથી				

ગીરો મિલકતનું વિવરણ

પ્લોટ નં. ૧૩૪ (નવો સર્વે નં./બ્લોક નં. ૧૪૦૩) ધરાવતી જમીનનો ટુકડો, જેનું ક્ષેત્રફળ ૧૨૯.૫૦ ચોરસ મીટર છે; આ સાથે નીચેની જમીનમાં ૧૬.૮૧ ચોરસ મીટરનો અવિભાજિત પ્રમાણસર હિસ્સો પણ સામેલ છે. આમ, કુલ ક્ષેત્રફળ ૧૪૬.૩૧ ચોરસ મીટર થાય છે. આ મિલકત 'શ્રી રામ રેસિડેન્સી' તરીકે ઓળખાય છે. તે ભરૂચ જિલ્લા અને પેટા-જિલ્લા (તાલુકા) હેઠળના મોજે ગામ છવાજના રેવન્યુ સર્વે પૈકી બ્લોક નં. ૧૬૦ માં આવેલી છે. મિલકતની હદ (સીમાઓ) નીચે મુજબ છેઃ- પૂર્વમાંઃ- કોમન પ્લોટ, પશ્ચિમમાંઃ- પ્લોટ નં. ૧૭૩, ઉત્તરમાંઃ- પ્લોટ નં. ૧૧૧, દક્ષિણમાંઃ- રસ્તો.

લોન એકાઉન્ટ નંબર, ટ્રસ્ટનું નામ અને સોંપનાર/મૂળ ધિરાણકર્તાનું નામ	ઋણ લેનારાઓ/ સહ-ઋણ લેનારાઓ/જામીનદારો/ ગીરો આપનારાઓના નામ	૧૩(૨) ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	અનામત કિંમત (રૂ.) અને બિડ વધારો	હરાજીની તારીખ અને સમય	સંપર્ક વ્યક્તિની વિગતો- (એઓ અને ડિસ્પોસલ ટીમ)
દૂહોમ ફાઇનાન્સ લિમિટેડ પાસે ટ્રસ્ટ એકાઉન્ટ નં. **SARC** - ટ્રસ્ટ-૫ હેઠળ **SHLHVDDR0001086**	૧. કુનાલ કિશનચંદ ત્રિલોકાણી અને ૨. શિલ્પાબેન કિશનચંદ ત્રિલોકાણી	તારીખ ૦૬/૦૮/૨૦૨૪ ના રોજની સ્થિતિ મુજબ, રૂ. ૧૧,૭૧,૯૯૨/- (અંકે રૂપિયા અગિયાર લાખ ઈકોતેર હજાર નવસો બાણું પૂરા) ની રકમ નોટિસ તારીખ ૧૨/૦૮/૨૦૨૪.	રૂ. ૭,૧૪,૯૦૦/- (અંકે રૂપિયા સાત લાખ ચૌદ હજાર નવસો પૂરા) બોલીમાં વધારોઃ રૂ. ૧૦,૦૦૦ અને તેના ગુણાંકમાં અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી) (રૂ.) (આરપીના ૧૦%) ઈએમડી જમા કરાવવાની છેલ્લી તારીખઃ ૧૬ નવેમ્બર, ૨૦૨૬; સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૫.૦૦ સુધી	૧૭ નવેમ્બર, ૨૦૨૬ હરાજીનો સમય : બપોરે ૧૨.૩૦ થી ૦૧.૩૦ સુધી	દેબજ્યોતિ રોય ૯૮૭૯૭ ૦૨૦૨૧ સંદીપઃ ૯૯૯૯૯ ૪૪૯૫૫ સુમેશ મિત્તલ ૯૯૯૩૫ ૮૭૭૯૭ મિલકત નિરીક્ષણ તારીખ : ૩૦/૧૦/૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૦૩.૦૦ સુધી
કબજાની તારીખ અને પ્રકાર	બોજો જાણીતો				
૨૬ જુલાઈ, ૨૦૨૫ અને ભૌતિક કબજો	જાણીતો નથી				

ગીરો મિલકતનું વિવરણ

વડોદરાના મૌજેઃ કસબા ખાતે આવેલી બિન-ખેતીલાયક જમીન, જે રેવન્યુ સર્વે નંબર ૨૧૧/૧-બી અને ૨૧૧/૨ તથા સિટી સર્વે નંબર ૩૧૦૩ પૈકી (૧૧૦૫ ચો.મી.) અને ૩૧૬૪ પૈકી (૧૪૦૭ ચો.મી.) - એમ કુલ ૨૫૧૨ ચો.મી. જમીન પર સ્થિત છે. આ મિલકત 'કમાં રેસિડેન્સી' ટાવર-સી, પાંચમો માળ, ફ્લેટ નં. સી/૫૦૩ તરીકે ઓળખાય છે. જેમાં ૩૭.૪૪ ચો.મી. બાંધકામ અને ૪૧.૩૦ ચો.મી. બિલ્ટ-અપ વિસ્તાર છે, તથા જમીનમાં ૪.૦૨ ચો.મી.નો અવિભાજિત હિસ્સો સામેલ છે; આમ કુલ ક્ષેત્રફળ ૪૫.૩૨ ચો.મી. થાય છે. આ મિલકત ગુજરાત રાજ્યના વડોદરા જિલ્લાના નોંધણી જિલ્લા અને પેટા-જિલ્લા (સબ-ડિસ્ટ્રિક્ટ) વડોદરાના કાર્યક્ષેત્રમાં આવેલી છે. મિલકતની ચારે બાજુની હદ (સીમાઓ) નીચે મુજબ છેઃ- પૂર્વમાંઃ ફ્લેટ નં. સી/૫૦૨, પશ્ચિમમાંઃ સો